| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૬/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૨૪/૦૬/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| વ્યતિત સમય | વર્ષ:૦૦,માસ:૦૧, દિવસ:૧૯ |

## વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુકામઃ વીંછિયા.

**ફોજદારી કેસ નંબરઃ-૨૦૪/૨૦૨૬**
**આંકઃ-**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |

**-- વિરૂદ્ધ --**

**આરોપી** **વિપુલભાઈ રાવતભાઈ સાઢમીયા**
ઉ.વ.-૩૫, ધંધો-મજુરી
રહે. હીંગોળગઢ, તા.વીંછિયા, જિ.રાજકોટ.

**ગુન્હો- ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ- ૬૫(એ,એ), ૧૧૬(બી) મુજબ**

| | |
|---|---|
| **સરકાર પક્ષે** | સરકારી વકીલશ્રીઃ **શ્રીમતી કે.એમ.ચૌધરી** |
| **બચાવ પક્ષે** | વિદ્ધાન વકીલ શ્રીઃ **બી.આર.રાઠોડ** |

## //જજમેન્ટ//

**કેસની ટૂંકી હકીકત :**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૧૫/૦૪/૨૦૨૬ ના ક. ૧૮.૦૦ એ પોતાના કબજા ભોગવટામાં ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગ્લીશ દારુની OLD HABBIT VODKA FOR SALE IN CHANDIGARH ONLY.

180ML.75% PROOF42.8% V/V ચપલા નંગ–૦૩ જેની કિ. રૂ. ૩૦૦/– નો મુદામાલ રાખી મળી આવતા **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ,એ), ૧૧૬(બી) મુજબનો** શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે આવશ્યક કાર્યવાહી હાથ ધરી આરોપી વિરુદ્ધ તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં આરોપીને અટક કરી ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**ન્યાયિક કાર્યવાહી:**

**૨.** સદર ચાર્જશીટ ના કેસના પેપર્સ વંચાણે લઈને આરોપી વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હેતુથી સમન્સ કાઢતા આરોપી ઠરાવ તારીખે વિ.વ.શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને **આંક–૦૫** થી પ્લી રજુ થયેલ છે. જેમાં તેઓએ ગુનો કબુલ કર્યો નથી. જેથી આરોપી વિરુદ્ધ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** આ કામના આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે.

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | પંચસાહેદ મુકેશભાઇ દેવજીભાઇ તાવીયાનો પુરાવો | ૦૮ |
| ૨) | ત.ક.અ. પ્રકાશભાઇ જગદીશભાઇ કુકડીયાનો પુરાવો | ૧૦ |
| ૩) | ફરિયાદી સુભાષભાઇ ગોરધનભાઇ ડાભીનો પુરાવો | ૧૩ |

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૦૯ |
| ૨) | ફરિયાદ | ૧૧ |
| ૩) | રવાનગી પત્રક | ૧૨ |

૪. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક રજૂઆતથી ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામના આરોપીનું **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૩૫૧** હેઠળ વિશેષ નિવેદન નોંધતા તેઓએ પોતાની સામેના આક્ષેપોનો ઈન્કાર કરી પોતાને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલા હોવાનું જણાવીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૫. ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તરફે તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી

૬. ઉપરોકત કેસની હકીકતો, સંજોગો અને રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીઓ ની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## –// મુદ્દા //–

૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા.૧૫/૦૪/૨૦૨૬ ના ક. ૧૮.૦૦ એ પોતાના કબજા ભોગવટામાં ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગ્લીશ દારુની OLD HABBIT VODKA FOR SALE IN CHANDIGARH ONLY. 180ML.75% PROOF42.8% V/V ચપલા નંગ–૦૩ જેની કિ. રૂ. ૩૦૦/– નો મુદામાલ રાખી મળી આવતા **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ,એ), ૧૧૬(બી) મુજબનો** શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## –// કારણો //–

**<u>મુદ્દા નં.૧:</u>**

૮. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઇ અપવાદનો લાભ લેવા માંગતા હોય તો તેમણે **ભારતીય સાક્ષ્ય સંહિતાની કલમ–૧૦૮** મુજબ સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમા જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. આમ, ઉપરોકત સિદ્ધાંતો ધ્યાને રાખતા ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમતને અનુરૂપ મુલ્યાંકન નીચે મુજબ કરવામા આવેલ છે.

૯. **ફરિયાદપક્ષે સ્થા. જગ્યાના પંચ સાહેદ મુકેશભાઇ દેવજીભાઇ તાવીયાનાઓને આંકઃ૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,** આજથી નવેક મહીના પહેલા વીંછીયા પોલીસે અમોને વીંછીયા પો.સ્ટે. એ બોલાવેલ અને ત્યા એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી તે સીવાય હું બીજુ કઈ જાણતો નથી. મને કોર્ટ રેકર્ડમાંથી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમા મારી પંચ નં. ૧ તરીકે સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જેને પુરાવામા રજુ દાખલ આંક–૦૯ આપવામાં આવે છે.

૯.૧. **સદર પંચ ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોય પ્રશ્નો પુછવામાં આવેલ પરંતુ કોઇ ફળદાયી હકીકત જણાઇ શકેલ નથી** .

૯.૨. **ત્યારબાદ વિ.વ.શ્રી. દ્વારા ઉલટ તપાસ કરતા જણાવે છે કે,** એ વાત ખરી છે કે અમોએ તૈયાર પંચનામામા સહી કરેલી. એ વાત ખરી છે કે અમારી હાજરીમાં પોલીસે કોઈ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી.

૧૦. **ફરિયાદપક્ષે ત.ક.અ.શ્રી પ્રકાશભાઇ જગદીશભાઇ કુકડીયાનાઓને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,** તા. ૧૫/૪/૨૬ ના રોજ અમો વીંછીયા પો.સ્ટે. મા પો. હેડ કોન્સ. તરીકે અમારી ફરજ પર હાજર હતા ત્યારે અમો તથા પો કોન્સ. સુભાષભાઈ ગોરધનભાઈ ડાભીનાઓ સાથે વીંછીયા પો.સ્ટે. ના બી બીટ વિસ્તારમા ખાનગી વાહનમાં

પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા–ફરતા રેવાણીયા ગામના તળાવમાં આવતા એક ઈસમ એક ઝાળા પાસે બેઠેલ હોય અને પોલીસને જોઈ આમ–તેમ કરવા લાગેલ જેથી ઈસમના ચેક કરતા તેની પાસ પરપાંતીય ભારતીય બનાવટ વાળી ઈંગ્લીશ દારુના ચપલા ૦૩ જોવામાં આવેલ જેથી તુરંત જ તેને પકડી નજીકમાંથી બે રાહદારી માણસોને પંચમા બોલાવી પંચો રૂબરૂ નામ–ઠામ પુછતા પોતે પોતાનું નામ વિપુલભાઈ રાવતભાઈ સાઢમીયા રહે. હીંગોલગઢ ગામ તા. વીંછીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ ઈસમના જોડે રહેલ પરપાંતીય ભારતીય બનાવટ વાળી ઈંગ્લીશ દારુના ચપલા ૦૩ પ્રવાહી અંગે કોઈ પાસ પરમીટ કે આધાર હોય તો રજુ રાખવાનુ કહેતા નહી હોવાનુ જણાવેલ જમાંથી એક ચપલાને પો.ઈન્સ. વિછીયા ના હોદદાના સિકકા વડે સીલ કરી સદરહું ચપલાની કિ. રૂ. ૧૦૦/– ગણી એફ.એસ.એલ અર્થે કબજે કરેલ છે અને બાકી રહેલ બીજા બે ચપલાની કિંમત રૂ ૨૦૦/– ગણી તપાસ અર્થે કબ્જે કરીને સાથેના પો. કોન્સ.નાઓ સુભાષભાઈ ગોરધનભાઈ ડાભી એ ફરીયાદ આપેલ જે મારા સાથી કર્મચારીએ આપેલ હોય જેની સહી હું ઓળખી બતાવુ છું જેને રજુ દા. આંક–૧૧ આપવામાં આવે છે. ત્યારબાદ પી.એસ.ઓ, દવારા અમોને તપાસ સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ એફ.એસ.એલ. તપાસણી અર્થ રવાનગી પત્રક આજરોજ રજુ કરુ છું જેને પુરાવામા રજુ દાખલ આંક–૧૨ આપવામા આવે છે. તપાસના કામે અમોએ સ્થાનીક જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી લઈ તેઓની સહી કરાવી ત્યારબાદ મે સહી કરેલી. જે સહીઓ હું ઓળખી બતાવુ છું જે સદર કામે આંક–૦૯ થી રજુ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. બચાવ પક્ષે ઓળખ અંગેની તકરાર જતી કરવમા આવેલ છે.

**૧૦.૧. ત્યારબાદ વિ.વ.શ્રી. દ્વારા ઉલટ તપાસ કરતા જણાવે છે કે,** એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર વાણીયા જવાનો જાહેર રસ્તો છે જેથી ઘણા બધા માણસો અને વાહનોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે અમો વીંછીયા વિસ્તારમાં ચેકીંગની કામગીરીમાં હતા ત્યારે જે વાહન લઈને ગયેલા તે વાહનના રજીસ્ટ્રેશન નંબર તથા કયું વાહન લઈને ગયેલા તે મે મારી તપાસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમ્યાન આરોપીનો

માલિકી અંગેનો દસ્તાવેજી પુરાવો જેમ કે આધાર કાર્ડ કે કોઈ આઇ.ડી. પ્રુફ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પાસેથી મળી આવેલ બોટલમાં પ્રવાહી દારૂ છે કે કેમ તે હું કહી શકુ નહીં. એ વાત ખરી છે કે કાચની બોટલ બજારમાંથી સહેલાઈથી મળી શકે. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોય અમારા ઉપરી અધિકારીને પ્રોહી, ને લગતા કેસો બતાવવા હાલની ખોટી ફરીયાદને સમર્થ આપવા નામ. કોર્ટમા ખોટુ ચાર્જશીટ કરી સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

૧૧. **ફરિયાદપક્ષે ફરીયાદી સુભાષભાઇ ગોરધનભાઇ ડાભીનાઓને આંકઃ૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,** તા.૧૫/૦૪/૨૬ ના રોજ અમો વીંછીયા પો.સ્ટે. મા પો. કોન્સ, તરીકે અમારી ફરજ પર હાજર હતા. ત્યારે અમો તથા પો હેડ કોન્સ, પી.જે કુકડીયાનાઓ સાથે વીંછીયા પો.સ્ટે. ના બી બીર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા-ફરતા રેવાણીયા ગામના તળાવમાં આવતા એક ઈસમ એક ઝાાના પાસે બેઠેલ હોય અને પોલીસને જોઈ આમ-તેમ કરવા લાગેલ જેથી ઈસમના ચેક કરતા તેની પાસે પરપાંતીય ભારતીય બનાવટ વાળી ઇંગ્લીશ દારુના ચપલા ૦૩ જોવામાં આવેલ જેથી તુરંત જ તેને પકડી નજીકમાથી બે રાહદારી માણસોને પંચમા બોલાવી પંચો રૂબરૂ નામ-ઠામ પુછતા પોતે પોતાનુ નામ વિપુલભાઈ રાવતભાઈ સાઢમીયા રહે. હીંગોલગઢ ગામ તા. વીંછીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ ઈસમના જોડે રહેલ પરપાંતીય ભારતીય બનાવટ વાળી ઈગ્લીશ દારુના ચપલા ૦૩ પ્રવાહી અંગે કોઈ પાસ પરમીટ કે આધાર હોય તો રજુ રાખવાનુ કહેતા નહી હોવાનું જણાવેલ જેમાંથી એક ચપલાને પો.ઇન્સ. વિંછીયા ના હોદદાના સિકકા વડે સીલ કરી સદરહું ચપલાની કિ. રૂ. ૧૦૦/- ગણી એફ.એસ.એલ અર્થે કબજે કરેલ છે અને બાકી રહેલ બીજા બે ચપલાની કિમત રૂ. ૨૦૦/- ગણી તપાસ અર્થ કબ્જે કરેલ. ત્યારબાદ ઈસમ વિરૂધ્ધ પ્રોહી, ઉપર ૬૫(એ,એ), ૧૧૬(બી) ફરીયાદ આપેલ. મને આંક-૧૧ વાળી ફરીયાદ બતાડવામાં આવે છે જેમાં મારી સહિ છે જેને ઓળખી બતાવુ છું. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. બચાવ પક્ષે ઓળખ અંગેની તકરાર જતી કરવમાં આવેલ છે.

**૧૧.૧. ત્યારબાદ વિ.વ.શ્રી. દ્વારા ઉલટ તપાસ કરતા જણાવે છે કે,** એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રેવાણીયા જવાનો જાહેર રસ્તો છે જેથી ઘણા બધા માણસો અને વાહનોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે અમો વીખીચ; વિસ્તારમા ચેકીંગની. કામગીરીમા હતા ત્યારે જે વાહન લઈને ગયેલા તે વાહનના રજીસ્ટ્રેશન નંબર મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં આરોપીનો માલિકી અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ જેમ કે આધાર કાર્ડ કે કોઈ આઈ.ડી. પ્રુફ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પાસેથી મળી આવેલ બોટલમાં પ્રવાહી દારૂ છે કે કેમ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે કાચની બોટલ બજારમાં થી સહેલાઈથી મળી શકે. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોય અમારા ઉપરી અધિકારીને પ્રોહી. ને લગતા કેસો બતાવવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

**૧૨. ઉપરોક્ત ચર્ચા કરેલ ફરિયાદીપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક પુરાવો જોતા,** ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. ફરિયાદીની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો એવું જણાવે છે કે, તેઓએ પંચ રૂબરૂ આરોપીના કબજામાથી દારૂની થેલી જપ્ત કરેલ. જે સંદર્ભમાં આંક–૦૮ થી પંચ સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓ એવું સ્વીકારે છે કે, તૈયાર પંચનામામાં સહી કરી આપેલી. જેથી એવું ફલિત થાય છે કે, તેઓએ સદર દારૂના ચપલા આરોપીના કબજામાથી જપ્ત કરેલ તે બાબતમાં કશું જાણતા નથી. જેથી સદર પંચ સાહેદની જુબાની વિશ્વસનીય જણાઇ આવતી નથી. તેમજ બનાવવાળો વિસ્તાર રેવાણીયા જવાનો રસ્તો હોય અને માણસો અને વાહનોની અવરજવર થતી હોવા છતાં આ કામે ફરીયાદીપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વધુમા ફરીયાદીપક્ષે કબજે કરેલ દારુના ચપલા એફ.એસ.એલ ખાતે મોકલાવેલ હોય તેનો એફ.એસ.એલનો રીપોર્ટ આ કામે રજુ રાખેલ છે. આમ આ કામના આરોપી તા.૧૫/૦૪/૨૦૨૬ ના ક. ૧૮.૦૦ એ પોતાના કબજા ભોગવટામાં ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગ્લીશ દારુની OLD HABBIT VODKA FOR SALE IN CHANDIGARH ONLY. 180ML.75% PROOF42.8% V/V ચપલા નંગ–૦૩ જેની કિ. રૂ. ૩૦૦/– નો મુદામાલ રાખી મળી આવતા ધી ગુજરાત પ્રોહિબિશન

એક્ટની કલમ–૬૫(એ,એ), ૧૧૬(બી) મુજબ મુદ્દામાલ સાથે રાખેલ હોય તેવુ પુરવાર કરવા ફરીયાદપક્ષ તદ્દન નિષ્ફળ નિવડેલ છે. વધુમાં **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે .એક્સ.ગુજરાત ૨૩૮)** માં નામદાર ગુજ.હાઈકોર્ટ પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચ સાહેદો ફરિયાદીના કેસમાં સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતા હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોમાં વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓને શંકાનો લાભ આપી શકાય. જેથી આ કામે જે સાહેદનો પુરાવો રજૂ થયેલ જે પોલીસ સાહેદ છે અને પોલીસ સાહેદના પુરાવાને જ્યાં સુધી તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન ન હોય ત્યાં સુધી તેના પુરાવા પર આધાર રાખી શકાય નહિ અને આ કામે પંચ સાહેદો ફરિયાદ પક્ષને સમર્થન કરતાં ન હોય જે હકીકત ધ્યાને લેતાં પર પોલીસ સાહેદના પુરાવાને તટસ્થ સાહેદના પુરાવાથી સમર્થન મળેલ ન હોય . જેથી આ કામે તપાસવામા આવેલ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદીપક્ષના કેસ સામે શંકા ફલિત થાય છે અને જ્યારે ઓછામાં ઓછી શંકા ફલિત થાય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ આ એક પ્રસ્થાપિત સિદ્ધાંત છે. જેથી **આંક–૧૧** માં જણાવેલ ફરીયાદની હકીકતો પુરવાર થતી નથી.

**૧૩.** જેથી આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્વલેષણ કરતા આ કામે ભોગ બનનાર ફરીયાદી છે તેઓની જુબાનીથી આરોપી વિરૂદ્ધનું કોઈ ગુનાહિત કૃત્ય પુરવાર થતું નથી. આમ, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા કાયદાની પરિસ્થિતિ જોતા, ફરિયાદપક્ષ ઉપરોક્ત આરોપી વિરુદ્ધ ગુનાની નિ:શંકપણે પુરવાર કરેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી **મુદ્દા–૧** નો નિર્ણય નકારમાં ઠરાવી **મુદ્દા–૨** અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –ઃ આખરી હુકમ ઃ–

(૧) આ કામના આરોપી **વિપુલભાઈ રાવતભાઈ સાઢમીયા** ઉ.વ.–૩૫, ધંધો–મજુરી

રહે. હીંગોળગઢ, તા.વીંછિયા, જિ.રાજકોટ નાઓને બી.એન.એસ.એસ. ની કલમ– ૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ,એ), ૧૧૬(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાને અભાવે શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.**

(૨) અપીલ સમય બાદ પ્રોહીબીશન મુદ્દામાલનો નિયમ અનુસાર નાશ કરવો. અન્ય મુદ્દામાલ અંગે અગાઉનો વચગાળાનો હુકમ (જો કોઈ હોય તો ) કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય તો મુળ માલિકને માલિકની ખરાઈ કરી પરત સોંપવો. મુદ્દામાલ રોકડ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ અપીલ કામના સમયગાળા દરમિયાન માટે **બી.એન.એસ.એસ– ૨૦૨૩ ની કલમ–૪૮૧** ની જોગવાઈ અનુસાર અંકે રૂ.૧૦ ,૦૦૦/– (અંકે રૂા. દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાતમુચરકો આપવા.

(૪) આરોપી આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ આરોપીના વિ.વકીલશ્રી દ્વારા હાજરી મુક્તિનો રીપોર્ટ આપેલ છે અને હાલના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય જેથી ચુકાદો જાહેર કરવામાં વિલંભ ટાળવા સારૂ હાલનો ચુકાદો બી.એન.એસ.એસ ૨૦૨૩ ની કલમ–૩૯૨ અન્વયે આરોપીની ગેર હાજરીમાં જાહેર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ૧૨મી, માહેઃઓગસ્ટ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ વિંછીયા.**
**તારીખઃ૧૨/૦૮/૨૦૨૬**

**(એસ.એન.મોદી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**